સંવત ૨૦૭૨નું રાશિવાર ભવિષ્ય

રહેવું પડશે. સ્થાવર બાબતના પ્રશ્નો ગુંચવાશે. અહીં તમે માયાવી વૃત્તિના જાળામાં બંધાતા જશો. મનુષ્યની સ્વાર્થપ્રિયતાને માણવાનું સદભાગ્ય તમને મળશે. કૌટુંબિક કાર્યોમાં અવરોધ-રૂકાવટો આવશે. નોકરિયાત વર્ગને સહકાર્યકરો સાથે અણબનાવ રહે.

તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા નવમા ભાગ્યભાવે આવશે. જે ભાગ્યવૃદ્ધિની તકોને નબળી બનાવે. વગર વિચાર્યું પગલું તમને મુશ્કેલીમાં મુકી દે. તમારી ધાર્મિક માન્યતા ઓછી થતી જણાય. આર્થિક સંકટો ઉભા થાય. કાનૂની કાર્યકર્તાઓએ સંભાળવું. આવકના પ્રમાણમાં જાવક વધે. વ્યસનોથી દૂર રહેવું જરૂરી બને. આંતરિક-માનસિક તેમજ શારીરિક તકલીફો વધતી જણાય. ધાર્મિક મુસાફરી કષ્ટદાયી નિવડે. નોકરીયાત વર્ગને ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. જૂની ઉઘરાણીના નાણાં ફસાઈ જવાના યોગ બને. વડિલો સાથે મન દુઃખના પ્રસંગો બને. ધંધાકીય ભાગીદારીમાં અણબનાવ રહે. વડિલ વર્ગ સાથે ગેરસમજ ઉભી થાય.

તા. ૨૯-૧-૧૬થી કેતુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને આવશે. જે સાહસિક કાર્યો કરાવે. ભાઈ-ભાંડુ સંબંધી તકલીફો રહે. ભાઈ-ભાંડુ સાથે મનદુઃખના પ્રસંગો બને. શારીરિક તકલીફોથી સંભાળવું. નુકસાન થાય તેવા જોખમી કાર્યોથી દૂર રહેવું. અંગત વ્યકિતઓને ગુમાવવાનો વખત આવે. યાત્રા પ્રવાસ તકલીફોવાળો ગણાય. કાનૂની કાર્યકર્તાઓએ સંભાળવું અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

● **સ્ત્રીઓ માટે :** સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક-શારીરિક નાની-મોટી તકલીફો રહે. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. આંતરિક દાંમ્પત્યજીવનમાં ખટરાગ વધે. કાનૂની કાર્યોમાં વડિલોની સલાહ લેવી જરુરી બને. અંગત સંબંધોમાં તકલીફો રહે. કૌટુંબિક અપયશના યોગ બને. સંતાનો સાથે વિચારોમાં અલગતા રહે. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ ન આવતો જણાય. કુટુંબના સભ્યો દ્વારા તમારી ઉપેક્ષા થતી જણાય. સટ્ટાકીય કાર્યોમાં કાળજી રાખવી આર્થિક પ્રગતિમાં અવરોધો આવે. પેટ-આંતરડા તેમજ શસ્ત્રક્રિયાને લગતી તકલીફોથી સંભાળવું. ધાર્મિક યાત્રા-પ્રવાસમાં તકલીફો આવે.

● **વિદ્યાર્થીઓ માટે :** વિદ્યાર્થીઓ માટે આવર્ષ મિશ્ર ફળદાયી ગણાય. અહીં તમારે સમયનો પૂરેપૂરો ઉપયોગ કરવો જરૂરી બને. અભ્યાસ પ્રત્યેની બેદરકારી ઘણું ગુમાવવાનો વખત લાવે. તમારા સ્વભાવમાં પરિવર્તન આવે. મહેનત-પરિશ્રમના પ્રમાણમાં સફળતા ઓછી મળે. અંગત વ્યકિત પરનો તમારો વિશ્વાસ ઓછો થતો જણાય. અભ્યાસ સાથે સામાજિક કાર્યો કરનારે સંભાળવું. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો એક નફરતભરી નિરાશા મેળવશો. મિત્રવર્ગથી સંભાળવું.

(૧૦) મકર રાશિ : (ખ.જ.ક્ષ.)

વિ.સં. ૨૦૭૨ના વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા આઠમા સ્થાને રહેતાં તા. ૧૧-૮-૨૦૧૬થી તમારા નવમા ભાગ્યભાવે આવશે. શનિ આખું વર્ષ તમારા અગિયારમા લાભ ભાવે રહે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા નવમા ભાગ્યભાવે અને કેતુ તમારા ત્રીજા સ્થાને રહેતા તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા આઠમા સ્થાને અને કેતુ તમારા બીજા ધનસ્થાને આવશે. મંગળ તમારા નવમા ભાગ્યભાવથી તમારા વ્યયભાવ સુધીનું ભ્રમણ પુરું કરે છે.

વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા આઠમા સ્થાને રહે છે. જે શારીરિક નાની-મોટી અનેક તકલીફો રાખે. પેટ સંબંધી શસ્ત્રક્રિયા ના યોગ બને. તમારામાં આળસ-બેચેની વધે. વડિલવર્ગથી ફાયદો થાય. આકસ્મિક ધન પ્રાપ્તિના યોગ બને. કૌટુંબિક વધુ પડતા ખર્ચમાં અટવાશો. અધૂરા કાર્યોમાં વિલંબ થાય. હૃદયરોગ તેમજ બ્લડપ્રેશરના દર્દીઓએ સાચવવું વ્યવહારિક કાર્યોમાં અવરોધો આવે. શ્વસુર પક્ષથી લાભ થાય. ધાર્મિક આડંબરોમાં વધારો થાય. શરીર પ્રત્યેની વધુ પડતી બેદરકારી ઘાતક બિમારી સૂચવે. બેઠાડુ જીવનને કારણે પેટ સંબંધી તકલીફો ઉભી થાય. સ્થાવર મિલ્કતની વૃદ્ધિ થાય. વડિલો તરફથી વારસાકીય લાભ મળે.

તા. ૧૧-૮-૧૬થી ગુરુ તમારા નવમા ભાગ્યભાવે આવશે. જે ભાગ્યવૃદ્ધિમાં વધારો કરે. તમારી જીવનશૈલીમાં પરિવર્તન આવે. ધંધા-વ્યવસાયિકોને ફળ ઓછું મળતું જણાય. એકસપોર્ટ-ઈમ્પોર્ટના વ્યવસાયિકોને આર્થિક ટેન્શન રહે. કાનૂની કાર્યકર્તાઓને લાભની સાથે ટેન્શન રહે. ધર્મકર્મની વૃદ્ધિ થાય. માંગલિક કાર્યો પાછળ ધનવ્યય વધુ થાય. આર્થિક બોજો વધતો જાય. વ્યવસાયિક લાંબી મુસાફરીના યોગ બને. તમારું આત્મબળ વધે. લાભદાયી નવીન યોજનાઓ અમલમાં મુકાય. કૌટુંબિક મોટા ખર્ચમાં ન ઉતરી જવાય તેની કાળજી રાખવી. સંતાન અંગેના કાર્યો પાર પડતા જણાય. નવીન ભાગીદારીના વ્યવસાયમાં આર્થિક ટેન્શન હલ થતું જણાય. ભાગીદારના રૂપમાં નવીન વ્યકિતને મેળવશો. પરિવારના હિત સંબંધી કાર્યો કરશો. આર્થિક ટેન્શનો ઓછાવત્તા જણાય.

શનિ આખુ વર્ષ તમારા અગિયારમાં લાભ ભાવે રહે છે. જે શુભ ફળદાયી ગણાય. ભૌતિક સુખ સમૃદ્ધિમાં વધારો થાય. આકસ્મિક ધન પ્રાપ્તિના યોગ બને. અંગત સંબંધીઓમાં વિખવાદ થાય. ગમ ખાઈ જતુ કરવાની ભાવના રાખશો તો જીવનમાં જરૂર કંઈ પ્રાપ્ત કરી શકશો. સંજોગોની મજબૂરી માનીને માન-પાન ભોગવશો. તમારી કાર્યપદ્ધતિ બદલાતી જણાય અહીં તમે ગમતા કે અણગમતા કર્મના કર્તા બનશો. તમારી કાર્યપદ્ધતિ બદલાતી જણાય. એક કઠોર સત્યનો તમારી ઈચ્છા-અનિચ્છાએ સ્વીકાર કરવો પડશે. ધાર્મિક માંગલિક કાર્યો પાછળ ખર્ચ વધુ થાય. પારિવારિક માટે કેટલાક સંયુકત નિર્ણયો લેવા પડશે. અહીં તમને વ્યવહારુ બનવાની ફરજ પડશે. અંગત સંબંધો તૂટવાના યોગ બને. શારીરિક કમજોરી વધતી જણાય. આર્થિક લાભના અનેક સંયોગો ઉભા થાય.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા નવા ભાગ્યભાવે રહે છે. ભાગ્યવૃદ્ધિમાં અવરોધો આવે. વગર વિચાર્યું પગલું ભરવું નહીં. ધાર્મિક આડંબરોમાં વધારો થાય. આર્થિક સંજોગો વિકટ બનતા જણાય. આંતરિક-માનસિક અશાંતિ વધુ રહે. કાનૂની કાર્યકર્તાઓએ સંભાળવું. તમારી આશાઓ ફળીભૂત ન થતી જણાય. આંતરિક જીવનની ગેરસમજો વધે. માનસિક વ્યથામાં વધારો થાય. સ્થાવર અંગેનું રોકાણ અયોગ્ય જગ્યાએ ન થઈ જાય તેની કાળજી રાખવી. સરકારી સમસ્યાઓ વધતી જણાય. ભાગીદારીના વ્યવસાયિકોને ભાગીદારો સાથે અણબનાવ રહે.ધંધા-વ્યવસાયિક ખર્ચ વધે. ધાર્મિક મુસાફરી કષ્ટદાયી નિવડે. આંતરિક-શારીરિક તકલીફો રહે.

કેતુ વર્ષની શરૂતમાં તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહે છે. જે ભાઈ-ભાંડુને લગતી તકલીફો રાખે. સાહસિક કાર્યોમાં વિઘ્નો-અવરોધો આવે. શારીરિક નુકસાન થાય તેવા જોખમથી દૂર રહેવું હિતાવહ ગણાય. અણધાર્યા ધનલાભો થાય. કાનૂની કાર્યો કરનારને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં સંભાળવું. કૌટુંબિક પ્રશ્નો વધુ ગૂંચવાય. ભાઈ-ભાંડુ સાથે મનદુઃખના પ્રસંગો બને. તમારી કુટુંબ પ્રત્યેની જવાબદારીમાં વધારો થાય.

તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા આઠમા સ્થાને આવશે. જે શારીરિક નાની-મોટી તકલીફો રાખે. આર્થિક સંજોગો પ્રતિકૂળ બનતા જણાય. આવકના પ્રમાણમાં ખર્ચ વધતું જણાય. શ્વસુર પક્ષને લગતી અણધારી તકલીફો આવે. આંતરિક-માનસિક તેમજ આર્થિક અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. ખાનપાનની અનિયમિતતા જાળવવાની જરૂરી બને. અતિઅંગત ગુપ્ત સમસ્યાઓ તમને પરેશાન કરી મૂકે. સમયનો માર્ગ દેખાવે સરળ છતાં અગવડવાળો જણાય. ઉતાવળીયો કોઈ પણ નિર્ણય લેવાથી દૂર રહેવું. ખર્ચના ખાડામાં ઉતરી ન જવાય તેની કાળજી રાખવી. તમને તમારામાં સ્વાર્થવૃત્તિના દર્શન થશે. પડવા-વાગવા કે અંગપીડાથી સંભાળવું. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો કોઈ મોટી બિમારી ઘર કરી જાય.

તા. ૨૯-૧-૧૬થી કેતુ તમારા બીજા ધનસ્થાને આવશે. જે પારિવારિક અશાંતિ ઉભી કરે. વડિલ વર્ગને નાની મોટી તકલીફો રહે. કૌટુંબિક ધનસંપત્તિના પ્રશ્નોની વાતમાં ઘર્ષણ થાય. ધનસંપત્તિમાં ઉતાર-ચડાવ વધુ રહે. કૌટુંબિક પરિવર્તનના મોટા યોગ બને. પરિવારના સભ્યો સાથે મનદુઃખના પ્રસંગો બને. તમે શંકા-કુશંકાના વમળોમાં અટવાયા કરશો. પરિવારના સભ્યો લોભને વશીભૂત થઈ ન કરવાના કાર્યો કરવા પ્રેરાશે. કાનૂની સમસ્યાઓ વધતી જણાય. આંતરિક અથડામણો વધે.

● **સ્ત્રીઓ માટે :** સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. નોકરી કરતી સ્ત્રીઓને સમય કસોટીમય ગણાય. આંતરિક દામ્પત્ય જીવનમાં ખટરાગ વધુ રહે. ગુપ્તદર્દ કે પડવા-વાગવા જેવી તકલીફોથી સંભાળવું. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં સંભાળવું. કૌટુંબિક અપયશના યોગ બને. યાત્રા મુસાફરી કષ્ટદાયી નિવડે. સંતાનો સાથે વૈચારિક મતભેદો રહે. અંગત સંબંધોમાં તકલીફો આવે. વડિલવર્ગ સાથે કારણ વગરના મનદુઃખ થાય. ધીરજ અને સહનશકિત રાખશો તેટલું સારું છે. કુટુંબના સભ્યો આગળ તમારી ઉપેક્ષા થતી જણાય.

● **વિદ્યાર્થીઓ માટે :** વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. અભ્યાસ અર્થે વિદેશ જવા ઈચ્છનારને અનેક તકલીફોનો સામનો કરવો પડે. ડિગ્રી પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નો સફળ થતાં જણાય. મહેનત-પરિશ્રમની વધુ જરૂર જણાય. અંગત વ્યકિત પરનો તમારો વિશ્વાસ વિશ્વાસઘાતમાં પરિણમે. આંતરિક કૌટુંબિક સંજોગો તમને માનસિક નિરાશા આપે. હિત-અહિતની દૃષ્ટિએ તમારી કસોટી થતી જણાય. કાનૂની કાર્યોમાં ફસાઈ ન જવાય તેની કાળજી લેવી.

(૧૧) કુંભ રાશિ : (ગ.શ.સ.ષ.)

વિ.સં. ૨૦૭૨ના વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા સાતમે રહેતાં તા. ૧૧-૮-૧૬થી તમારા આઠમા સ્થાને આવશે. શનિ આખુ વર્ષ તમારા દસમા કર્મસ્થાને રહે છે. વર્ષની શરૂઆતમાં રાહુ તમારા આઠમે અને કેતુ તમારા બીજા ધનસ્થાને રહેતા તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા સાતમે અને કેતુ તમારી રાશિમાં આવશે. મંગળ તમારા આઠમા સ્થાનથી તમારા અગિયારમાં લાભ ભાવ સુધીનું ભ્રમણ પુરું કરે છે.

વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા સાતમે રહે છે. જે શુભ ફળદાયી ગણાય. આંતરિક દામ્પત્યજીવન સારું રહે. જીવનસાથીનો સાથ સહકારો સારો મળે. આર્થિક બાબતે મહત્વની તકો અને પ્રગતિના સંજોગો મળે. મળતા ચાન્સ અને તકોને ઝડપી લેવી જરૂરી બને. ફસાયેલી ઉઘરાણી પાછી મેળવી શકશો. નાણાંભીડમાંથી બહાર નીકળવાના તમારા પ્રયત્નો સફળ થતા જણાય. સટ્ટાકીય કાર્યો કરનારને લાભની શકયતા નકારી શકાતી નથી. આવક વૃદ્ધિ માટેના પ્રયત્નો સફળ નિવડતા જણાય. નવીન ભાગીદારીથી લાભ થાય. શુભ માંગલિક કાર્યો પાછળ ધનવ્યયના યોગ વધુ બને. અંગત સમસ્યાઓ કે મૂંઝવણનો ઉકેલ મળે. સંકટ-મુશ્કેલીમાં બચાવ રહે.

તા. ૧૧-૮-૧૬થી ગુરુ તમારા આઠમા આયુષ્યસ્થાને આવશે. જે શારીરિક નાની-મોટી તકલીફો રાખે. બ્લડપ્રેશર કે ડાયાબિટીશ જેવી કાયમી બિમારી ઘર કરી જાય. અણધારી લાંબી બિમારીના યોગ બને. શુભ કાર્યોમાં અનેક અવરોધ-રુકાવટો આવે. કૌટુંબિક ખર્ચ વધુ થાય. વારસાગત સંપત્તિ મળવાના ચાન્સ આવે. સ્થાવર બદલવાના યોગ બને. વડિલો તરફથી આર્થિક લાભની શકયતા નકારી શકાતી નથી. ઈચ્છિત કાર્યો પૂર્ણ ન થતાં માનસિક ટેન્શન રહે. વ્યવહારિક ખર્ચ વધુ થાય. આર્થિક વ્યવહારો જળવાઈ રહે. આળસ અને બેચેનીમાં વધારો થાય. કાનૂની કાર્યો બાબતે કાળજી રાખવી. શ્વસુર પક્ષથી લાભ થાય. બેઠાડુ જીવનના કારણે પેટ સંબધી ગરબડો રહ્યા કરે. શરીર પ્રત્યેની બેદરકારી કોઈ મોટી બિમારી આપી જાય. ધંધા-વ્યવસાયિકોને મન દુઃખના પ્રસંગો બને. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો પેટ-આંતરડા સંબંધી શસ્ત્રક્રિયાના યોગ બને.

શનિ આખુ વર્ષ તમારા દસમા કર્મસ્થાને રહે છે. જે વધુ મહેનત-પરિશ્રમના યોગ બનાવે. આંતરિક-માનસિક-શારિરીક અનેક તકલીફોનો સામનો કરવો પડે. વ્યવસાયિક કાર્યોમાં સફળતા સારી મળે. જૂની ઉઘરાણી ફસાઈ જવાના યોગ બને. આર્થિક અનેક મુશ્કેલીઓ આવે. કૌટુંબિક તેમજ બહારથી યશ-માન સારા મળે. છેતરપીંડીના ભોગ ન બનાય તેની કાળજી રાખવી. તમારી બદલાતી નીતિ તમારી ઈજ્જત-આબરુને ઓછા કરે. કુટુંબમાં માનભંગ થવાના યોગ બને. વડિલો સાથે વિચારોમાં ઘર્ષણ રહે. નવા મૂડી રોકાણ લાંબા ગાળે ફાયદો કરાવે. કર્મની જવાબદારી પુરી કરવામાં તમે પાછા પડતા જણાવ. ધંધા-વ્યવસાયિક ખર્ચના અનેક યોગો બને. તમારી મહેનતનું ફળ બીજાને મળતું જણાય. આંતરિક જીવનમાં અણબનાવ રહે. મોટા સંતાનથી મતભેદો રહે.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા આઠમા સ્થાને રહે છે. જે આંતરિક શારીરિક તકલીફોમાં વધારો કરે. ખાનપાનની અનિયમિતતા તમારા આરોગ્યને બગાડે. મોટો દેખાતો લાભ ઘડીમાં શૂન્ય બની જાય. આવકની સ્થિતિ ઉતાર ચઢાવવાળી રહે. કાનૂની સમસ્યાઓ તમારો પીછો કરતી જણાય. કરજની ચૂકવણી અને નુકસાનના અનેક યોગો નિર્માણ થાય. તમે નિર્ભય અને ભયની વચ્ચે સ્વસ્થ રહેવાનો નિરર્થક પ્રયાસ કરશો. પારિવારિક અવનવી ઘટના બને. કોઈ મહત્વના નિર્ણયો લેવામાં કાળજી રાખવી. નજીકની વ્યકિત સાથેના સંબંધો બગડે. પડવા-વાગવા-અંગપીડા કે નાની-મોટી શસ્ત્રક્રિયાના યોગ બને. કૌટુંબિક વિભાજનના યોગ બને. આર્થિક સંજોગો પ્રતિકૂળ બનતા જણાય. વારસાકીય કે કૌટુંબિક કાર્યોમાં વિઘ્નો-અવરોધો આવે. શારીરિક અસ્વસ્થતાના કારણે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા બીજા ધનભાવે રહે છે. જે કૌટુંબિક નાની મોટી તકલીફો રાખે. વડિલ વર્ગ સાથે નાની નાની વાતમાં ઘર્ષણ થાય. કૌટુંબિક ધનસંપત્તિના પ્રશ્ને ઉતાર ચઢાવ વધુ રહે. આર્થિક નુકસાનના અનેક પ્રસંગો બને. કૌટુંબિક પરિવર્તનના યોગ બને. વડિલવર્ગ સથે મનદુઃખના પ્રસંગો બને. તમારા વાણી અને વર્તનમાં ફેરફારો થતાં જોવા મળે. કુટુંબના સભ્યો સાથે મનદુઃખ થાય. તમારો વ્યવહાર આર્થિક અને કાનૂની સંકટોથી ભરેલો જણાય. આર્થિક નુકસાનના મોટા યોગો બને.

તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા સાતમા સ્થાને આવશે. જે આંતરિક જીવનમાં અશાંતિ તકલીફો રાખે નજીવી વાતમાં ઘર્ષણો થાય. ભાગીદારીના વ્યવસાયિકોને મનદુઃખ કે ભાગીદારી છૂટી જવાના યોગ બને. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં અપયશના યોગ બને. તમે અંગત સ્વાર્થમાં રાચશો. અંગત વ્યકિત પરનો તમારો વિશ્વાસ ઓછો થતો જણાય. તમારામાં નકારાત્મક

નૂતન વર્ષાભિનંદન
સૌનો સાથ કોબા ગ્રામ પંચાયત સૌનો વિકાસ
મુ. કોબા, તા.જી. ગાંધીનગર ફોન. ૨૩૨ ૭૬૨૨૯
નવા વર્ષના ઉમંગ, ઉલ્લાસ અને મંગલ પર્વ. જેને તમામ તહેવારોમાં શિરમોર ગણવામાં આવે છે. નવું વર્ષ આપના અને આપના પરિવાર માટે તન, મન, ધન સહિત તમામ રીતે યશસ્વી નીવડે એવી કોબા ગ્રામજનો ના સાથ, સહકાર અને સંગઠન દ્વારા કોબા ગ્રામજનો તરફથી આપ સર્વેને હાર્દિક શુભ કામનાઓ....

પ્રવિણભાઈ સી. ઠાકર
તલાટી કમ મંત્રીશ્રી
મો. ૯૭૨૭૦ ૫૯૯૭૪

યોગેશ બી. નાયી
સરપંચશ્રી
(એડવોકેટ/નોટરી)
મો. ૯૪૨૬૦૬૩૪૭૧

લક્ષ્મણભાઈ ડી. પટેલ
ઉપ સરપંચશ્રી
મો. ૯૯૦૪૪૮૪૪૦૪

શુભદ્રાબેન આર. પટેલ
સભ્યશ્રી
મો.૯૭૨૩૦૨૭૨૩૮

રાજેન્દ્રકુમાર ડી. બારોટ
સભ્યશ્રી
મો.૯૭૩૭૬૨૧૭૫૭

રાજલબેન એન. પટેલ
સભ્યશ્રી
મો. ૯૭૧૪૪૯૬૬૩૬

મહેન્દ્રભાઈ એસ. રાઠોડ
સભ્યશ્રી
મો. ૯૫૭૪૬૪૧૧૦૭

રામાભાઈ કે. રાવળ
સભ્યશ્રી
મો. ૯૫૭૪૫૯૨૮૯૮

બળદેવજી વી. ઠાકોર
સભ્યશ્રી
મો. ૯૮૭૯૯૭૨૧૨૬
સ્વચ્છ ગામ - સ્વચ્છ ગુજરાત
આવો સૌ સાથે મળી કોબા ગામને મોડલ ગ્રામ તરીકેની વિકાસ યાત્રાના સહભાગી થવા સંકલ્પ કરીએ....

નૂતન વર્ષાભિનંદન
બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હૉલ
નિરવતાનો રવ...

bansari Greens
week-end home
ગામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

નૂતન વર્ષાભિનંદન
સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મમ્મી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ADITYA BIRLA GROUP
નૂતન વર્ષાભિનંદન
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગર જિલ્લા અને શહેરના નગરજનોને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન...
સતત ૨૪ વર્ષથી ૨૪ કલાક સેવા આપતી દવાની દુકાન
દિપાવલીના પાવન પર્વમાં પણ અમારી સેવા ચાલુ રહેશે
અર્બુદા મેડિકલ સ્ટોર્સ
બી-૪, સીવીલ હોસ્પિટલ કંપાઉન્ડ, સેક્ટર-૧૨, ગાંધીનગર
કમલભાઈ ચૌધરી - ફોન : ૨૩૨ ૨૦૫૯૮
મો. ૯૬૮૭૬૭૨૭૮૯

નૂતન વર્ષના પ્રત્યેક દિન આપના માટે નવી આશા, અરમાનો, સુખ અને સમૃદ્ધિથી છલકાતો રહે તેવી શુભકામનાઓ સહ...
નૂતન વર્ષાભિનંદન...
● જુ.કે.જી., સીની. કે.જી. અને ધોરણ-૧થી ૧૦ સુધીનો અભ્યાસક્રમ ધરાવતી એકમાત્ર સેક્ટર-૭ની સંસ્થા
● દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની મર્યાદિત સંખ્યા હોવાથી વિદ્યાર્થીઓ ઉપર વ્યક્તિગત રીતે ધ્યાન રાખી શૈક્ષણિક કાર્ય અને વ્યક્તિત્વ વિકાસ થાય તે રીતે તૈયાર કરવામાં આવે છે.
● અનુભવી અને વિષય તજજ્ઞ શિક્ષકગણ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.
● બાળકને સંસ્કારી, શિસ્તબદ્ધ અને સાહસી બને તે રીતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાય છે.
● જુ.કે.જી., સી.કે.જી., ધોરણ-૧ અને ૨માં અનુભવી અને મોન્ટેસરી પદ્ધતિથી ભારરહિત શિક્ષણ આપનારી સંસ્થા.
વહાણવટી વિદ્યાલય
બ્લોક નં. ૩૩/૨, ચ-ટાઈપ, સેક્ટર-૭, ગાંધીનગર.

નૂતન વર્ષાભિનંદન
મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
મમ્મી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.